PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૩/કવા–૦૨/૧૭–૧૮/ 8886 તા. 12-10-19

રજી. એડી પત્ર

પ્રતિ,
સુરુભાઈ રાયદેભાઈ ચાવડા,
ગામ : વડત્રા
તા. ખંભાળીયા,
જી. દેવભુમી દ્વારકા
મો: ૮૯૯૯૩ ૯૪૦૯૮

**વિષય :–ખેત જોડાણ મા નામબદલી અને શીફટીગ સાથે પુનઃ ચાલુ કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૩/કવા–૦૨/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના કોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૩/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૦૯–૧૭ | સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મુરૂભાઈ રાયદેભાઈ ચાવડા, ગામ: જામનગર

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે અરૂણ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

## : હુકમ :

### ફરીયાદ : ખેત જોડાણ મા નામબદલી અને શીફટીગ સાથે પુન: ચાલુ કરવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૩૫/૦૦૨૮૬/૦ નામ બદલી અને શીફટીગ સાથે પુન: ચાલુ કરવા માટે – એમનેસ્ટી સ્કીમ–૨૦૧૨ હેઠળ, તેઓએ માહે ફેબ્રુઆરી–૨૦૧૩ મા અરજી કરેલ, જેની બાકી રહેતી લેણી રકમ રસીદ નં. ૧૪૯૫૮૮ તા.૩૧–૧૨–૧૨ થી ભરપાઈ કરેલ, સદર સ્કીમ મા ટપક પધ્ધતિ વસાવવાની થતી નથી. તેમજ અરજદાર ને ભાવપત્રક અપાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી રાયદેભાઈ ડાડુભાઈ ચાવડા ના નામનુ વડત્રા ગામે સર્વે નંબર: ૫૬૨ મા – ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૩૫/૦૦૨૮૬/૦ ધરાવતા હતા. જે તા.૨૦–૦૪–૦૪ ના રોજ સદર વીજ જોડાણ ને પીડીસી કરવામા આવેલ હતુ. અરજદારે એમનેસ્ટી સ્કીમ–૨૦૧૨ હેઠળ તા.૩૧–૧૨–૧૨ ના રોજ થી રસીદ નં. ૧૪૯૫૮૮ થી રૂ.૫૦૦૦/– ભરપાઈ કરી આપેલ છે. |
| ૨.૨ | ફરીયાદી અરજદારે સદર વીજજોડાણ નામ બદલી અને શીફટીગ સાથે પુન: ચાલુ કરવા માટે – નોંધણીચાર્જ રૂ.૭૦૦/–રસીદ નં. ૧૪૯૧૧૪, તા.૧૧–૦૨–૧૩ થી ભરપાઈ કરી આપેલ છે. સદર અરજી અન્વયે વડત્રા પેટા વિભાગીય કચેરી ના પત્ર નંબર: વીએસડી/ટિક/૨૬૨૨ તા.૧૮–૦૯–૧૭ મુજબ, રેકર્ડ ની ચકાસણી કરવામા આવતા, અરજી મળેલ ન હતી. પરંતુ, અરજદારે રજુ કરેલ દસ્તાવેજીક પેપર્સ ની નકલ પ્રમાણે માહે ફેબ્રુઆરી–૨૦૧૩ નુ રજીસ્ટર ચકાસણી કરતા, અરજદાર ના નામનો નોંધણીચાર્જ – મેન્યુઅલી સ્વીકારેલ છે |
| ૨.૩ | સદર અરજી અન્વયે સ્થળ ની મુલાકાત તા.૧૮–૦૯–૧૭ ના રોજ નાયબ ઈજનેર શ્રી વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા – હાજર પ્રતિનીધી અરજદાર શ્રી ના પુત્ર શ્રી – લખમણ મુરૂભાઈ ચાવડા એ જણાવેલ કે – સદર જોડાણ શીફટીગ જે સર્વે નંબર: ૩૦૧ મા કરવાને બદલે, હવે સર્વે નંબર: ૩૧૧ પૈકી ૧ મા કરવાની રજુઆત કરેલ. જે બાબતે, ખૂટતા દસ્તાવેજીક પેપર્સ / સંમતીપત્ર રજુ કરવા માટે અરજદાર શ્રી ને જણાવેલ છે. જે રજૂ કર્યે અને ત્યારબાદ એમનેસ્ટી યોજના ના જીયુવીએનએલ/ટિક/આરડીએફ/એજી એમ્નેસ્ટી/૨૨૬૫ તા.૧૭–૦૯–૧૨ ના પરીપત્ર મુજબ, ખેતીવાડી પીડીસી રી કને. ની મંજુરીની પ્રક્રીયા માટે ની આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, સદર જોડાણ ને સર્વે નંબરઃ ૩૦૧ માથી હવે સર્વે નંબરઃ ૩૧૧ પૈકી ૧ મા શીફટીંગ કરવા માટે, માંગણી મુજબ ના સર્વે નંબરઃ૩૧૧ પૈકી ૧ ના તેઓના સીવાયના અન્ય ભાગીદારો ની સહી વાળા નોટરાઈઝ સંમંતીપત્ર સબંધક કચેરી મા રજુ કરવા માટે અરજદાર શ્રી ને જણાવેલ છે. જે અરજદાર શ્રી તરફથી સત્વરે ( શકય તેટલુ વહેલુ) રજૂ કર્યે અને ત્યારબાદ એમનેસ્ટી યોજના ના સુધારા સાથે ની ગાઈડલાઈન જીયુવીએનએલ પત્ર નં. જીયુવીએનએલ/ટેક/આરડીએફ/એજી એમ્નેસ્ટી/૨૨૬૫ તા.૧૭–૦૯–૧૨ મુજબ, ખેતીવાડી પીડીસી રી કને. ની મંજુરીની પ્રક્રીયા માટે ની આગળ ની કાર્યવાહી સબંધક કચેરી કક્ષાએથી હાથ ધરવી તેવો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની જાણકારી અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા આપવા બાબતે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.